# કાવ્ય-કોડિયાં



# વેણીભાઈ પુરોહિતના કાવ્યો

પ્રથમ ઈ-સંસ્કરણ

http://aksharnaad.com

19– 06– 13

## પ્રસ્તાવના

ઈ-પુસ્તક આજના સમયનું સૌથી હાથવગું માધ્યમ છે. સ્વ-પ્રકાશન દ્વારા અનેક અંગ્રેજી લેખકો અઢળક નાણાં કમાઈ રહ્યા છે અને એમેઝોન પરની સૌથી વધુ વેચાતા પુસ્તકોની યાદીમાં સ્વપ્રકાશન કરતા લેખકોના પુસ્તકો મોખરે છે જેની કિંમત $ 0.99 કે તેથી ઓછી છે. અનેક ગુજરાતી પુસ્તકોની ઈ-આવૃત્તિ કરીને, તેમને ટાઈપ, વ્યવસ્થિત ફ્રોર્મેટ અને અન્ય મોબાઈલ સાધનોમાં વાંચી શકાય તે રીતે મૂકવાનો પ્રયત્ન ખૂબ સફળ રહ્યો છે એ વાતથી પ્રેરાઈને જ અનેક ઈ-પુસ્તકો સતત અક્ષરનાદ પર મૂકાતા રહ્યા છે. આ વાતના પ્રેરણાસ્તોત્ર છે શ્રી મહેન્દ્રભાઈ મેઘાણી જેમણે અક્ષરનાદની ઈ-પુસ્તક પ્રવૃત્તિને ખૂબ સહાય કરી છે.

શ્રી વેણીભાઈ પુરોહિત આપણા જાણીતા કવિ છે, તેમણે ગીત, ભજન, ગઝલ, સોનેટ, મુક્તક તેમ જ લાંબી વર્ણનાત્મક રચનાઓ જેવા કાવ્યપ્રકારોમાં સર્જન કર્યું છે. તેમના જ કાવ્યોને સંકલિત કરીને **કાવ્ય-કોડિયાં શીર્ષક હેઠળ** લોકમિલાપ દ્વારા પ્રકાશિત કરાયેલાં, તેનું જ ઈ-સંસ્કરણ આજે પ્રસ્તુત કરી રહ્યાં છીએ.

- જીજ્ઞેશ અધ્યારૂ / ગોપાલ પારેખ

# અનુક્રમણિકા

1. બ્રાહ્મમંગલા ........ 7
2. અમલકટોરી ........ 8
3. કોક તો જાગે ! ........ 9
4. નાનકડી નારનો મેળો ........ 12
5. તેડાં ........ 14
6. કેસરિયો રંગ ........ 15
7. પરોઢિયાની પદમણી ........ 16
8. વિછવો ........ 18
9. પૂમડું ........ 20
10. તારલિયા ........ 22
11. જોડિયો પાવો ........ 23
12. ઝરમર ........ 25
13. ભીનાં પારેવડાં ........ 26
14. નયણાં ........ 27
15. સુખડ અને બાવળ ........ 28
16. ઝંકૃતિ ........ 30
17. ઉદબોધન ........ 31

18. કાવડિયો ........ 31

19. દશા અને દિશા ........ 33

20. લાલી ........ 33

21. બંદો બદામી ........ 34

22. મશ્કરીમાં ........ 35

23. દરબાર ........ 37

24. સોણલાં ઘેલી ........ 38

25. મના ........ 39

26. રૂપાળી રાતનો રાસડો ........ 40

27. પૂનમનો નોક ........ 42

28. કોને કહું? ........ 43

29. અમે ........ 44

30. સાંજ પહેલાંની સાંજ ........ 45

31. પ્રશ્નવિરામી ........ 46

32. રંગરંગ મેળો ........ 47

33. વરસાદ ! તારા નામ પર ........ 49

34. કાચ ........ 50

35. માણસ ........ 51

36. અમારા મનમાં ........................................................................................ 52

37. કડવા લીમડાનું મધ ................................................................................ 53

38. કોઈ ....................................................................................................... 55

39. પરસ્પર ................................................................................................... 57

40. રાતો રંગ................................................................................................. 58

41. સાંવરિયા ................................................................................................ 59

42. રંગહેલી .................................................................................................. 60

43. રંગડો...................................................................................................... 61

44. પી જવાનું હોય છે .................................................................................. 62

45. નોખું નોખું ને એકાકાર ........................................................................... 64

46. સાંજનો શમિયાણો .................................................................................. 65

અક્ષરનાદ ઈ-પુસ્તક વિભાગ ......................................................................... 66




અક્ષર
નાદ

AksharNaad.com

?????????

## 1. બ્રાહ્મમંગલા

વાય વેણુ પરોઢધૂન માંડી,
ને નાચે છે નોબતની દાંડી,
હો દેવ ! આજે જાગો !

વેદ ગુંજે છે છંદ,
ગેબ ગાજે પડછંદ,
મારાં નયનોના નંદ
દેવ જાગો...
મારા મંદિરના દેવ, આજ જાગો...!

મને રાખી અણજાણ,
રોજ ઊગો છો ભાણ !
આજ મનખાની આણ--
દેવ જાગો...
મારા હૈયાના દેવ ! આજ જાગો...!

નાથ ! જુગ જુગનાં ઘેન આજ છાંડો,
સૂનાં તલખે છે ચૌદે બ્રહ્માંડો,
પ્રેમમંગલ બે લોચનિયાં માંડો--
હો દેવ, આજ જાગો...
મારા માનવના દેવ, આજ જાગો !

## 2. અમલકટોરી

ભર મન ! બ્રહ્મપ્રેમનો પ્યાલો રે
મને હરિરસ વ્હાલો રે....
અંગૂર ને આંબાના રસને મનથી મૂકી દીધો,
સતવાચકનો લીલો લીમડો ઘૂંટી ઘૂંટી પીધો:
   મારગ સુરગંગાનો લીધો. - ભર મન.

માયાનાં ધાવણ ધાવેલું મનડું મારું ઝેરી,
હૈયાના કંગાલ મનોરથ દીધા આજ વધેરી:
                    વાગી અનહદની રણભેરી. - ભર મન.

કાળતણું કરજુગલ બિચારું રગડે છો તન-માટી,
જીવનની લાખેણી ખલમાં બ્રહ્મભક્તિ મેં વાટી;
   મારે ઊંચી આત્મ-સપાટી. - ભર મન.

સંતના! મેં સંજીવન પીધું, ગયો કાળ-ઘા ઠાલો,
'આખર'ની વૃન્દાવન કુંજે ગૂંજત મુરલીવાલો:
     ઊડે ચેતનરંગ-ગુલાલો.                    - ભર મન.

  રગરગ બ્રહ્મભાવના ફોરી !
  પીધી હરિરસ - અમલકટોરી !

## 3. કોક તો જાગે !

આપણામાંથી કોક તો જાગે -
કોક તો જાગે !
કોક તો જાગે આપણામાંથી

હાય જમાને
ઢેઢફજેતી ઢીંચતાં ઢીંચી,
ઘેનસમંદર ઘૂઘવે -
એનાં ઘોર ઊંડાણો
કોક તો તાગે -
આપણામાંથી કોક તો જાગે !

હાય જમાને
ઝેરને પીધાં, વેરને પીધાં,
આધીનનાં અંધેરને પીધાં,
કૈંક કડાયાં કેરને પીધાં -
આજ જમાનો અંતરાશે
એક ઘૂંટડો માગે -
સાચ-ખમીરનો ઘૂંટડો માગે :
આપણામાંથી કોક તો જાગે !

બાપદાદાની બાંધેલ ડેલી,
એક ફળીબંધ હોય હવેલી,
ગામની ચંત્યા ગોંદરે મેલી,

એ...ય નિરાંતે લીમડા હેઠે
ઢોલિયા ઢાળી -
સહુ સૂતાં હોય એમ કાં લાગે ?
આપણામાંથી કોક તો જાગે !

સોડ તાણી સહુ આપણે સૂતાં,
આપ ઓશીકે આપણાં જૂતાં,
ઘોર અંધારં આભથી ચૂતાં--
ઘોર અંધારી રાત જેવી
ઘનઘોર તવારીખ સોરવા લાગે--
આપણામાંથી કોક તો જાગે !

આમથી આવે ક્રોડ કોલાહલ,
તેમથી વ્હેતાં લોહી છલોછલ,
તોય ઊભાં જે માનવી મોસલ -
આપરખાં, વગડાઉ ને એવાં
ધ્યાનબ્હેરાંનાં લમણાંમાં
મર લાઠિયું વાગે !
આપણામાંથી કોક તો જાગે !

એક દિ’ એવી સાંજ પડી’તી,
લોક-કલેજે ઝાંઝ ચડી’તી ,
શબ જેવી વચમાં જ પડી’તી -
એ જ ગુલામી,

એ જ ગોઝારી,
મૂરછા છાંડી મ્હોરવા માગે :
આપણામાંથી કોક તો જાગે !

કોઇ જાગે કે કોઇ ના જાગે,
કોઇ શું જાગે ?
તું જ જાગ્યો તો તું જ જા આગે--
આપણામાંથી તું જ જા આગે...!



**??:????? ???????-????????? ????? ???????? ??? ?**

**???????????**

## 4. નાનકડી નારનો મેળો

હાલો પરોડિયે ખોલ્યાં છે પોપચાં,
તેજના ટશિયા ફૂટે રે લોલ :
ઘમ્મર વલોણે ગાજે ગોરસિયાં,
ખીલેથી વાછડાં છૂટે રે લોલ.

હાલોને સહિયર ! પાણીડાં જઇએ,
વીરડે વાતું કરશું રે લોલ;
વાટકે વાટકે ભરશું રે લોલ
હાલોને સહિયર ! ....

આખાબોલું તે અલી અલ્લડ જોબનિયું,
હૈયે ફાગણિયો ફોરે રે લોલ.
ઘૂમટો તાણીને હાલો ઉતાવળી,
ઘરડા બેઠા છે ગામચોરે રે લોલ—
હાલોને સહિયર ! ....

નેણનાં નેવંને ઊટકે આંજણિયાં,
હથેળી હેલને માંજે રે લોલ :
ચકચકતી ચૂની ને ચકચકતું બેડલું,
એજબીજાને ગાજે રે લોલ.
હાલોને સહિયર! ...

સાસુએ માગ્યાં ઊનાં પાણી ને

સસરે દાતણ માગ્યું રે લોલ;
કાચી નીંદરને કાંઠેથી સપનું
મુઠ્ઠી વાળીને ભાગ્યું રે લોલ.
હાલોને સહિયર !

હાલો પરોડિયે ખોલ્યાં છે પોપચાં,
તેજના ટશિયા ફૂતે રે લોલ:
મેળો જામ્યો છે અહીં નાનકડી નારનો,
આપણી વાતું નો ખૂટે રે લોલ--
હાલોને સહિયર !

# 5. તેડાં

મોરલાનાં નોતરાં આવ્યાં,
ઓ મેઘરાજ !
વર્ષાને મોકલો !

આઠ આઠ માસ રહી આભના પિયરમાં,
સાસરિયાં સામું નથી જોયું:
હોંસભરી વાદળિયાં હીંચતી હુલાણમાં,
ઓ મેઘરાજ ! વર્ષાને મોકલો!

વનની વનરાઈ ઓલ્યા વાદળિયાં દેશમાં,
નજરું નાખીને કાંઈ જોતી :
ઝરણાંએ ગીત ખોયાં ડુંગરની કંદરે,
ઓ મેઘરાજ ! વર્ષાને મોકલો!

વાયુને હૈયે સૂર હલકે મલ્હારના,
ઘનઘન પથરાય વીજજ્યોતિ:
સાસરને વાટ અને વ્હાલથી વળાવજો,
જગવગડે એ વેરશે મોતી;
ઓ મેઘરાજ ! વર્ષાને મોકલો!

ધરણીનાં નોતરાં આવ્યાં,
ઓ મેઘરાજ ! વર્ષાને મોકલો!

## 6. કેસરિયો રંગ

સખી, કેસરિયો રંગ,
સખી, કેસરિયો રંગ,
રંગ છાંટે છે છેવડો રે…

નેણ નીતરતો રંગ,
નેણ નીતરતો રંગ,
અંગ ભીંજે અલબેલડો રે…

છેલ છેડે છે સૂર,
છેલ છેડે છે સૂર,
સૂર જોબનના ઢંગમાં રે…

ચગે સાંવરિયો મોર,
ચગે સાંવરિયો મોર,
ઔર નાચે છે તાનમાં રે…

સખી, ફાગણ બેફામ,
સખી, ફાગણ બેફામ,
જામ પીધાં છે સાનમાંરે…

## 7. પરોઢિયાની પદમણી

પરોઢિયાની પદમણી રે...
તારો લટકો લાલમલા...લ.
તારો લટકો લાલમલા...લ.
હળવે ચાલ, હળવે ચાલ !
પરોઢિયાની પદમણી રે...
મનની મટકીના ગોરસમાં
છલકે રંગગુલાલ,
લાલમલાલ ! લાલમલાલ !

તું આવી ને વસંત આવી :
ભાતભાતનાં પુષ્પો લાવી:
હરખઘેલડા હાલ,
મારા હરખઘેલડા હાલ !
પરોઢિયાની પદમણી રે,
તારો લટકો લાલમલાલ.
તારો મટકો લાલમલાલ.

તનડામાં ને મનડામાં પણ
આ દુનિયાના દલડામાં પણ
વસંત લાવી
તાન-પલટ ને તાલ,
લાલમલાલ ! લાલમલાલ !
હળવે ચાલ ! હળવે ચાલ !

પરોઢિયાની પદમણી રે...

સપનાંનો છે કોણ સુકાની?

આવી જાજરમાન જુવાની !

એની આંગળી ઝાલ !

લાલમલા...લ ! લાલમલા...લ !

હળવે ચા...લ ! હળવે ચા...લ ! પરોઢિયાની પદમણી રે ....

## ૪. વિછવો

ભીનું ભીનું અંધારું વર્ષાનું, વ્હાલમા !
સપનાં સુકાઈ ગયાં ભીના રૂમાલમાં !
ભીનાં ભીનાં નેવલાં ને ભીનાં ભીનાં નેણ,
મારી પાંપણની કુંજ લીલીછમ લીલીછમ,
મારા વ્હાલમા !

ઝંખું છું આજ અને જીવું છું કાલમાં !
ટેરવાંની તલબ તારી બાબરીના બાલમાં.
મચકાતી મસ્ત હવા, લચકાતી લ્હેર,
એના મુજરામાં રંગ છલોછલ છલોછલ,
મારા વ્હાલમા !

વાંકીચૂંકી વાંકીચૂંકી રમતી રેવાલમાં:
મીઠું મીઠું ઘેન મારા ચિતડાની ચાલમાં,
ભીની ભીની ઢેલડ ને થનગનતો મોર,
કેવો નાચે ગુલતાન છમાછમ છમાછમ,
મારા વ્હાલમા !

મોસમ છે મદઘેલી તરવરિયા તાલમાં:
ગલગોટા કરમાણા ગોરા ગોરા ગાલમાં.
ભીની ભીની ધરતી ને ભીનું ભીનું આભ,
એની વાદળીનો ગંજ ઘટાટોપ ઘટાટોપ,
મારા વ્હાલમા !

તુંયે ઝૂરે, હુંય ઝૂરું ઝરમરિયા ખ્યાલમાં:
ફૂલડાં શરમાઈ ગયાં ભીના રૂમાલમાં.

## 9. પૂમડું

પૂમડું પાછું નહિ દઉં
નહોલિયા...!
તને પૂમડું પાછું નહિ દઉં... નહિ દઉં...!
તારા કહેતા પહેલાં
હું તને કહી દઉં
નાહોલિયા...!

દિલના દરિયામાં માલમ !
મછવો મૂંઝાણો તારો–
લાગે છે ઢૂંકડો,
ને આઘો આઘો છે આરો—
તારી નજરુંને નાંગરવા નહિ દઉં... !
નાહોલિયા... !
તને પૂમડું પાછું નહિ દઉં... નહિ દઉં...!

ધરતી ધનવાન અને જોબન જરિયાન, સજન !
ઓઢી છે ચાંદની ને ભીનેરો વાન, સાજન !
ફૂલોમાં ફોરમના ઢોલિયા...
નાહોલિયા... !
તને પૂમડું પાછું નહિ દઉં... નહિ દઉં...!

મનમોજી જિન્દગીનો પહેલો પમરાટ, સજન !
સપનાંની સરગમનો પહેલો તલસાટ, સજન!

પ્રીતિના વાગે પોટલિયા...
નાહોલિયા... !
તને પૂમડું પાછું નહિ દઉં... નહિ દઉં...!

આંખોમાં એનઘેન રમવાને આવ, સજન !
હૈયાંની હારજીત, મારો છે દાવ, સજન !
લીલી વાડીના રખોલિયા ...
નાહોલિયા... !
તને પૂમડું પાછું નહિ દઉં... નહિ દઉં...!

મારું મનડું જોયે તો તને દઈ દઉં, નાહોલિયા... !
મારું દલડું જોયેં તો તને દઈ દઉં, નાહોલિયા... !
તને પૂમડું પાછું નહિ દઉં... નહિ દઉં...!

*(નાહોલિયા=નાથ; પ્રિતમ)*

## 10. તારલિયા

ઝબકી ઝબકીને સંતાય
હે સખી ! તારલિયા ટમકે તોફાનમાં:

શ્રાવણ, અષાઢ અને આસોની વાદળી,
આવે છે એકલી કે આવે છે હળીમળી,
ઢૂંકે ઢૂંકે ને ઢંકાય
હે સખી ! વનમાં - વેરાનમાં
તારલિયા ટમકે તોફાનમાં:

ઊંચેરા આભની ઊંચી અટારીએ...
શેરીમાં ડોકાતી મેડીની બારીએ...
કીકીનાં કિરણો વંકાય -
હે સખી ! મલકે છે મનના મેદાનમાં.
તારલિયા ટમકે તોફાનમાં:

આછી આછી ઓઢણીના આછા ઘૂંઘટમાં....
વાદળીના રંગ જેવી કાળી કાળી લટમાં...
ઝબકી ઝબકીને સંતાય -
હે સખી ! સમજાવે સરવાળો સાનમાં:
તારલિયા ટમકે તોફાનમાં:

## 11. જોડિયો પાવો

બંધ કરાવો ! બંધ કરાવો !
કોણ વગાડે જોડિયો પાવો?

કોઈની મોસમ હોય નવેલી
કોઈની મોસમ હોય મરેલી
આંબાડાળે આજ અઢેલી
કોઈનાં છાનાં હેતની હેલી...
કોણ વગાડે કાતિલ આવો
જન ભરી ભરી જોડિયો પાવો?

આભથી ચૂવે અજવાળાં આ ચાંદની ચારેગમ
ટેરવે નાચે તરજ, નાચે ફૂંકમાં સારેગમ.
- એની ફૂંકમાં સારેગમ !
પોર વગાડ્યો પોટડિયાએ
પોર લીધો'તો અસલી લ્હાવો,
ઓણ લાગે છે સાવ અકારો
બળનારીને કોઈ બચાવો--
બંધ કરાવો ! બંધ કરાવો !
કોણ વગાડે જોડિયો પાવો?

ટેરવે નાચે તરજ, નાચે ફૂંકમાં સારેગમ,
સૂતી આશા આમળો લેશે, મૂઈ હું મારા સમ.
કોણ અધૂરી કામનાઓને

પાય પરાણે પ્રીતનો કાવો?
ફૂલનાં બાંધી ફૂમતાં શોખીન
કોણ વગાડે જોડિયો પાવો?

હલક મીઠી, તાન હલેતી, સાચો એનો સમ,
ટેરવે નાચે તરજ, નાચે ફૂંકમાં સારેગમ.
બંધ કરાવો ! બંધ કરાવો !
જાલિમ વાગે જોડિયો પાવો !

કોણ ઘૂંટે છે સૂરકસૂંબા ?
કોણ રેલાવે પ્રીતનો પાવો?
મન વિજોગી સાંભળી જાશે
કોઇ એને સમજાવો--
કે આજે પડતો મેલે પાવો...
બંધ કરાવો ! બંધ કરાવો !
કોણ વગાડે જોડિયો પાવો?

## 12. ઝરમર

શ્રાવણ વરસે સરવડે ને
ઝરમરિયો વરસાદ:
કાના, આવે તારી યાદ.
વીજ ઝબૂકે વાદળ વચ્ચે
તરવરિયો ઉન્માદ:
કાના, આવે તારી યાદ.

જમણી આંખ ગઈ મથુરા ને
ડાબી ગઈ ગોકુલમાં:
હૈયું વૃન્દાવન જઈ બેઠું.
કુંજગલીના ફૂલમાં.
કાના, આવે તારી યાદ.

ગોપી થઈ ઘૂમું કે કના,
બનું યશોદા મૈયા?
કે રાધા થઈ રીઝવું તુજને
હે સત-પત રખવૈયા?
કાના, આવે તારી યાદ.

તનડું ડૂબ્યું જઈ જમનામાં
મનડું નામસ્મરણમાં,
સૂધ બૂધ મારી આકુલવ્યાકુલ
તારા પરમ ચરણમાં; કાના, આવે તારી યાદ.

## 13. ભીનાં પારેવડાં

કોઈ મેડીની છાજલી નીચે
કે આંખો ઉઘાડે ને મીંચે
કે બેઠી પારેવાંની જોડ--
હાં રે સખી, બેઠી પારેવાંની જોડ.

લીધો વિસામો મેહુલે ને
ધરતીના પૂર્યા કોડ--
સાંજને માથે સોહામણો કંઈ
મેઘધનુષ્યનો મોડ—
હાં રે સખી, બેઠી પરેવાંની જોડ.

ટપકે છે નવાં ટપક ટપક કંઈ
ટાઢાં ને તરબોળ,
ધબકે પારેવાં ધીમું ધીમુંને
નયણાં તે રાતાંચોળ—
હાંરે સખી, બેઠી પારેવાંની જોડ.

## 14. નયણાં

ઊનાં રે પાણીનાં અદભુત માછલાં-
એમાં આસમાની ભેજ;
એમાં આતમાનાં તેજ;
સાચાં તોયે કાચાં જાણે કાચનાં બે કાચલાં;
ઊનાં રે પાણીનાં અદભુત માછલાં.

સાતે રે સમદર એના પેટમાં,
છાની વડવાનલની આગ,
અને પોતે છીચરાં અતાગ;
સપનાં આળોટ્ર એમાં છોરું થઈને ચાગલાં;
ઊનાં રે પાણીનાં અદભુત માછલાં.

જલના દીવા ને જલમાં ઝળહળે,
કોઈ દિન રંગ ને વિલાસ,
કોઈ દિન પ્રભુ ! તારી પ્યાસ,
ઝેરને અમરત એમાં આગલાં ને પાછલાં;
ઊનાં રે પાણીનાં અદભુત માછલાં.

## 15. સુખડ અને બાવળ

સુખનાં સુખડ જલે રે
મારા મનવા !
દુ:ખનાં બાવળ બળે,
બળે રે જી... દુ:ખનાં બાવળ બળે.

સુખડ જલે ને થાય ભસમની ઢગલી ને
બાવળના કોયલા પડે-
મારા મનવા !
તરસ્યા ટોળે વળે.
વળે રે જી... દુ:ખનાં બાવળ બળે.

કોઈનું સુખ ખટરસનું ભોજન,
કોઈ મગન ઉપવાસે;
કોઈનું સુખ આ દુનિયાદારી,
કોઈ મગન સંન્યાસે:
રે મનવા !
કોઈ મગન સંન્યાસે;
સુખનાં સાધન ને આરાધન
લખ ચકરાવે ચડે...
ચડે રે જી... તરસ્યા ટોળે વળે.
કોઈ પરમારથમાં સુખ શોધે,
કોઈ પરદુ:ખે સુખિયા:
ભગત કરે ભગતીનો ઓછવ,

કોઈ મંદિરના મુખિયા;
રે મનવા !

કોઈ મંદિરના મુખિયા:
સમદુ:ખિયાનો શંભુમેળો
ભવમાં ભેગો મળે,
મળે રે જી... લખ ચકરાવે ચડે.
રંગવિલાસી ભોગી દીઠા,
જોગી બ્રહ્મ-વિલાસી;
પામર સુખ, અજરામર સુખના
સહુને દીઠા પ્યાસી;
રે મનવા !

સહુને દીઠા પ્યાસી:
બધા ઝઝૂમે–
બધા ઝઝૂમે ઝંખી-ડંખી
સળગે કે ઝળહળે,
હળે રે જી... ભવમાં ભેગા મળે.
સુખનાં સુખડ જલે રે
મારા મનવા !
દુ:ખનાં બાવળ બળે.

# 16. ઝંકૃતિ

વિદ્યુલ્લતા શી ઉરાભ્ર વીંઝતી
તું આવ ગોરંભ છટા ગજાવતી.
કે ઊગજે બ્રાહ્મમુહૂર્ત ભેદતી
ઉષા સમી, સોનલ લાલિમા લઈ.
કે આવજે સામઋચા સરીખડી
ગાતી જગન્મંગલ ગીત, હે પ્રિયે !

જો ફર્ ફરે પૌરુષની પતાકા,
તું શોભજે પ્રીતકિનાર રૂપલા.
ગાંધારની હે અધછેડી મૂર્છના !
આ જીવને આ મધરેનમૌનમાં -
તું કાવ્યના સર્જન પૂર્વની કો -
અસ્પષ્ટ સંવેદનશીલ ઝંકૃતિ
બની રહે કલ્પનાના વિરાટે
આ હાર્દ દિગ્મંડલને રણાવતી.

## 17. ઉદબોધન

જાગો જીવ ઉદાસી રે
જાગો જીવ ઉદાસી.
આ કાયા છે કુટિલની નગરી, ને
આ કાયા છે કાશી રે.

રાવણ ઝૂઝે રામની સામે, ને
રામ-રાવણ એક રાશી રે !
લખતી એકના લેખ વિધાતા ને
એકની તો છે દાસી રે.

ઊંચા ગગનનએ આંબી લેવા
ઊંચી થાય અગાશી રે,
એક ફરે છે લખચોર્યાશી, ને
એક અકલ અવિનાશી રે.

## 18. કાવડિયો

કોઈ નર કાળ-કાંધ પે ચડિયો,
રે કોઈ કરમધરમનો કાવડિયો.

બાલપણું બેફિકર, બુઢાપે જોર કરે કમજોરી,
લીલા વાંસ જેવું જોબનિયું કોક જાય છે કોરી:
મનખો માયાનો માવડિયો.

કોઈ શેઠિયો, કોઈ વેઠિયો, કોઈ કાંગલો કાંપે,
ભુલામણીમાં વાયલ ભટકે જનમમરણને ઝાંપે:
વસમો ભવમારગ ઝાકળિયો.

કરમધરમનાં મૃગજલ છલકે જડ-જંગમને હાંડે,
પરમ પિયાસી ભરમ પિછાણી આગે ચાલવા માંડે:
અમથો રચેપચે આંધળિયો.

ભવનીંદરમાં ભમે બ્હાવરા ગલીગલી સપનાંની,
સતિયો નર નાણે છે એના ફેલ-ભરમને ફાની:
વીંઝે ભ્રમણાપથ વાદળિયો.

મોંસૂઝણામાં મારગ કાપે, પૂગે ગેબ-સીમાડે,
તદ્દાકાર થઈ ચગે આત્મા અનંતની ટગડાળે;
ચમકે ચેતનની પાંદડીઓ.

ચિદાનંદમાં મગન મરણિયો સુભટ ઝૂઝતો ખાંડે,
કરે ઘાવ પર ઘાવ આગવો આજકાલને કાંડે:
મલકે અનહદની આંખડીઓ.

## 19. દશા અને દિશા

દશા પર દાઝનારા ને દશા પર દ્રુઝનારાઓ,
નથી હોતા ખુમારીથી જીવનમાં ઝૂઝનારાઓ.

દિશા જાણ્યા વિનાના છે દશાથી ધ્રૂજનારાઓ,
કહી દો એમને કે હે દશાના પૂજનારાઓ !

દશા તો છે સડક જેવી, સડક ચાલી નથી શકતી,
સડકને ખૂંદનારાને સડક ઝાલી નથી શકતી.

## 20. લાલી

હ્રદય તો કાચની જાણે કે નકશીદાર પ્યાલી છે,
અને તે આ જિન્દગીએ ધ્રૂજતે હાથે જ ઝાલી છે,

ફ-ક-ત એ રક્તથી રાતું અને રાતું નથી હોતું,
સુરાહી આંખની એમાં ઢળી એથી જ લાલી છે.

## 21. બંદો બદામી

સનમ શોખીન ગુલાબી છે, અને બંદો બદામી છે,
મને એ ભોટ માને છે, સનમનું દિલ હરામી છે.

અગર હું છું ભલે પાગલ, મગજમાં રાઈ રાખું છું,
અને એની ગુમાનીને ગઝલમાં ગાઈ નાખું છું.

મુસીબત છે હસીનોની, હસે છે ને જલાવે છે,
કદમને ચૂમવા એના ઈશારા ફોસલાવે છે.

પદમની લાલ પાની પર હલાહલ છે કે હિના છે?
ન જાણું તોય જાણું કે અમીથી હોઠ ભીના છે.

રિસાવું છું, રિઝાવું છું, અને થઈ ઠોઠ ઘૂમું છું,
કદમબોસીથી સનમ ચાહે, મગર હું હોઠ ચૂમું છું.

## 22. મશ્કરીમાં

મારાથી જમાનાની હવા થરથરી ગઈ,
મેં આંખ ફેરવી અને દુનિયા ફરી ગઈ !

રાતી નજરથી જોઉં છું માળીની માવજત,
કાંટા હશે છે ડાળ પર, કળીઓ ખરી ગઇ.

છે ચાંદાનું આ છોડિયું, આખી છે ચાંદની,
ઓ બીજ ! તારા તેજમાં તબિયત તરી ગઈ !

ગેરુ નહીં, તું વાત કર આજે ગુલાલની,
એવું કહીને શાયરી આવી સરી ગઈ !

બાલા-પણાની પ્રીત રસ્તામાં મળી ગઈ,
મારી અટક્યાળી નજર પણ બચપણ કરી ગઈ !

દાતાર બની દાન એ કેવું દઈ ગઈ--
ખાલી કરીને જિન્દગી, હૈયું ભરી ગઈ !

રોકાઈ જાઓ, આ જુદાઈ આવી રૂબરૂ--
આશા બિચારી ખાનગીમાં કરગરી ગઈ.

માનો તો ગુનેગાર છો, તકસીરવાર છો,
મારી મુરાદ આપના મનમાં મરી ગઈ.

ઝૂકી જરૂર ગુલછડી, જરા જુદી રીતે,
એ પ્યારથી નફરતની જાજમ પાથરી ગઈ.

કેવી રમત રમાઈ ગઈ રંગીન રાતમાં !
દર્દીને દવા મશ્કરીમાં છેતરી ગઈ !



## 23. દરબાર

મનનો દરબાર ભરી બેઠો છું બહાવરી !
દિલનો દરબાર -

જીવનના મંડપને ચંદરવો પ્યારનો,
તડકો ને ચાંયો છે એને સંસારનો,
નાચે છે હૈયાનો હલકારો ક્યારનો -
મલકાતી ઊર્મિઓની છલકાતી છાબ ભરી -
બેઠો છું બ્હાવરી !

મનને અજવાળનારી અંધારી રાતડી,
ઘાયલના ગીતને તું આપી જા એક કડી,
આવી જા સરગમ ! તું આવી જા એક ઘડી -
ટમકંતા તારલાથી હૈયાનું આભ ભરી,
બેઠો છું બ્હાવરી !

## 24. સોણલાં ઘેલી

ચાંદની જેવી ચૂંદડી એની, લાલ-કસુંબલ કોર,
ચૂંદડીને ચાર છેડલે નાચે રંગ-કળાયેલ મોર,
ઝબૂકે વીજ છકેલી;
દીઠી એક મેં અલબેલી !

અંબોડલાની આંટીએ આંટીએ નાગરવેલનો વાંક,
બાલમાં ટીલડી, આંખમાં આંજણ, મેનકા જાણે રાંક;
ઝિંકાતી જોબન હેલી :
દીઠી એક મેં અલબેલી !

પાછલા પ્હોરની મેઘલી રાતનાં વાદળ નીતરી જાય,
આભ સવારે ઊઘડે એવા મુખડે રંગ છવાય,
જાણે વન પાંગરી વેલી:
દીઠી એક મેં અલબેલી !

કાપતી માઝાર સાગરપાણી, લાખ મોજાંની હાર,
સઢ ફૂલાવી નાચતે નૈયા જોબનની મઝધાર;
હતી કોઈ સોણલઘેલી :
દીઠી એક મેં અલબેલી !

## 25. મના

રે નયણાં!
મત વરસો, મત વરસો :
રે નયણાં !
વરસીને શું કરશો?
રે નયણાં ! મત વરસો, મત વરસો.

આનંદી અશ્રુ નહિ ઝીલે
ગરજુ જગત અદેખું:
તો દર્દીલાં ખારાં જલનું
ક્યાંથી થાશે લેખું?
રે નયણાં ! મત વરસો.

મીઠાં જલની તરસી દુનિયા,
ખારાં છો ક્યાં ખરશો?
દુનિયાદારીના દરિયામાં
અમથાં ડૂબી મરશો.
રે નયણાં ! મત વરસો, મત વરસો.

કોઈ નથી એ જલનું પ્યાસી,
ક્યાં જઈને કરગરશો?
રે નયણાં ! મત વરસો, મત વરસો.

## 26. રૂપાળી રાતનો રાસડો

મારા સાકરિયા સાદની પાળે
હો રમવા આવ્યો,
હો રમવા આવ્યો,
તે રૂપાળી રાતનો રાસડો.

મારી તે પ્રીતનું પાણકોરું,
એનો ચંદરવો બંધાવ્યો:
રાતરાણીનાં હસે ફૂલડાં,
એની ફોરમને ચોરી લાવ્યો:
હો રમવા આવ્યો,
હો રમવા આવ્યો,
કે રૂપાળી રાતનો રાસડો.

ઘોરે છે ઘરમાં સાહ્યબો,
એને સપનામાં શરમાવ્યો:
વાગે છે મનમાં મોરલી,
એનો સૂર ચગ્યો છે સવાયો:
હો રમવા આવ્યો,
હો રમવા આવ્યો,
કે રૂપાળી રાતનો રાસડો.

ઠેકે છે રૂમઝૂમ ઝાંઝરિયાં,
ઠેસિયો તે ગરબો ગાયો:

તાળી પાડીને તેડાવ્યો,
ને રમવા આવ્યો,
ને ભમવા આવ્યો,
કે રૂપાળી રાતનો રાસડો.

## 27. પૂનમનો નોક

ઢોલ ઢમક્યાં ને ધરતી ધમધમી,
મારો મધમધ ભીનો ચોક:
ઊંચે ઊંચે ચાંદલિયો આભમાં
અને નીચે પૂનમિયાં લોક:
સહિયર ! વાગે તે મીઠી મીઠી મોરલી.

સખી !કાંબી ને કડલાં રૂમેઝૂમે કાંઇ નકવેસરનો ઝોક:
મેં તો ગુપચુપ જોયું દર્પણમાં
હાં રે લટકું લઈ ગઈ ડોક:
સહિયર ! વાગે તે મીઠી મીઠી મોરલી.

સખી ! આંખોમાં આંજણ અમાસનાં
અને પંડે પૂનમનો નોક:
અલી, આવી ચડે જો મારો સાહ્યબો
એને આઘેરો ઓશરીમાં રોક:
સહિયર ! વાગે તે મીઠી મીઠી મોરલી.

## 28. કોને કહું?

લાખ લાખ આંખોથી આભ મને ચૂમતું:
લાલ લાખ સોણાંની રાત :
કોને કહું મારા હૈયાની વાત?

દૂર દૂર ડુંગરિયે વાતી'તી વાંસળી,
ગાતી'તી અલબેલાં ગીત:
કોને કહું મારા હૈયાની વાત?

જોગી ઝૂલંત મારાં સપનાંની ડાળીએ,
છોડીને જૂની જમાત:
કોને કહું મારા હૈયાની વાત?

રમતી'તી જીવનની જમનાને કાંઠડે,
આવી ઊભો એ અતીત:
કોને કહું મારા હૈયાની વાત?

આ કાંઠે સોણલાં ને ઓલે અલબેલડો,
વચ્ચે વિમાસણનો ઘાટ:
કોને કહું મારા હૈયાની વાત?

લાખ લાખ ધબકારે હૈયું આ કંપતું,
મારી મૂંઝાણી'તી મીટ:
કોને કહું મારા હૈયાની વાત?

ઘેરાતી આંખ સખી! ઘેરાતો રંગ સખી !
હૈડાએ માંડ્યો ઉત્પાત:
કોને કહું મારા હૈયાની વાત?

## 29. અમે

અમે રે સંસારિયાં ને અમે રે સંજોગિયાં,
અમને ગેરુડો વ્હાલો ને અમને વ્હાલો રે ગુલાલ:
ગેરુડો વ્હાલો ને અમને વ્હાલો રે ગુલાલ:

વેરને વલોણે મનખો માગે છે હથિયાર,
માગે કોઇની ઓથ, કોઇના ઝીલવા પ્રહાર,
અમને વ્હાલી રે તલવારું, અમને વ્હાલી લાગે ઢાલ:
અમને ગેરુડો વ્હાલો ને અમને વ્હાલો રે ગુલાલ:

સતને મેદાને રમતા ગમે રે રણધીર,
લાભને દેનારું ગમતું ખોરું રે ખમીર.
વનના કેસરી વ્હાલા ને વનના વ્હાલા રે શૃગાલ:
અમને ગેરુડો વ્હાલો ને અમને વ્હાલો રે ગુલાલ:

અમે રે સંસારિયાં ને અમે રે સંજોગિયાં.
મનડામાં સામસામાં વાસના-વેરાગ,
તનડામાં સામસામાં તૃષ્ણા ને ત્યાગ.
રૂડા લાગે રે વાયરા, રૂડા લાગે રે મરાલ:
અમને ગેરુડો વ્હાલો ને અમને વ્હાલો રે ગુલાલ, અમે રે...

## 30. સાંજ પહેલાંની સાંજ

હજી આ કોકરવરણો તડકો છે,
સાંજ તો પડવા દો !
હજી આ સૂર્ય બુઝાતો ભડકો છે,
--સાંજ તો પડવા દો !દિવસને ઢળવા દો !

હજી ક્યાં પંખી આવ્યાં તરુવર પર !
અને ક્યાં દીપક પણ પ્રગટ્યા ઘર ઘર
હજી ના મનડું બેઠું મહુવર પર
દેવમંદિરે નોબત સંગે
ઝાલર મધુર વગડવા દો !
--સાંજ તો પડવા દો !દિવસને ઢળવા દો !

હજી ક્યાં દુનિયાદારી થાકી છે !
હવાની રૂખ બદલવી બાકી છે !
હજી આ કિરણોમાં કરડાકી છે,
ગમતીલી ગોરજને ઊંચે
અંગેઅંગ મરડવા દો !

હજી આ ધરતી લગરીક ઊની છે,
ગગનની મખમલ તારકસૂની છે,
સાંજ તો શોખીન અને સમજુની છે.
કનકકિરણને નભવાદળમાં
અદભુત રંગ રગડવા દો, --સાંજ તો પડવા દો ! દિવસને ઢળવા દો !

## 31. પ્રશ્નવિરામી

વનમાં ગદ્ ગદ તરુવર ટપકે મનમાં ટપકે નેવાં,
ચણ નાખ્યું છે ચોક મહીં પણ ના આવ્યાં પારેવાં,
હે જીવનના સ્વામી !
હું થઈ છું પ્રશ્નવિરામી.

ગારામાં જઈ દાણા નાહ્યા: પંખીને નહિ પૂગે,
માટીમાં એ મળી જવાના છતાં કોઈ નહિ ઊગે:
આ ખોટ ગણું કે ખામી? હે જીવનના સ્વામી !
હું થઈ છું પ્રશ્નવિરામી .

ઝુંડ ઝુંડમાં કંઈક ઝંખના તાકી તાકી તરસે--
હૈયું તો તરુવરની પેઠે વરસ્યા કેડે વરસે:
મેં શું ખોયું? શું પામી? હે જીવનના સ્વામી !
હું થઈ છું પ્રશ્નવિરામી.

નભમાં નવાં નયનની પાની દોડીને તરવાણી,
વીજ-વીજને છરકે છરકે શોણિતની સરવાણી:
આ દુગ્ધા ક્યાં દઉં ડામી? હે જીવનના સ્વામી!
હું થઈ છું પ્રશ્નવિરામી.

શબ્દ વિનાનો શબ્દ ગુંજતો, લયમાં લ્ય વરસાદી,
રાખોડી ચંદરવા નીચે ઉદાસ ને ઉન્માદી:
હું મને મળી ક્યાં સામી? હે જીવનના સ્વામી !

હું થઈ છું પ્રશ્નવિરામી.

મારગ સંગે પ્રેમ કર્યો ને મારગ સંગે ઝગડી,
આશીર્વાદ રહ્યા અધરસ્તે, અધરસ્તે એકલડી;
તે કેવી ભુજા ઉગામી? હે જીવનના સ્વામી!
હું થઈછું પ્રશ્નવિરામી.

## 32. રંગરંગ મેળો

હેરી હેરી હેરી ને રંગરંગ મેળો,
રંગરંગ મેળો ને હેરી હેરી હેરી !
પાછલા તે શ્રાવણની શ્યામ ચંદેરી,
કોઈ ઘટા આછી આછી : કોઈ ઘટા ચંદેરી,
કોઈ ઘટા આછી આછી: કોઈ ઘટા ઘેરી,
હેરી હેરી હેરી...

ધમધમતાં ગાડાં ને ધમધમતો કેડો--
રંગરંગ મેળો.
મેળાને માણી લ્યો: નજરુંને નાણી લ્યો,
પોતાનાં હોય તેને પોતે પિછાણી લ્યો,
આવો ગુલાબી ને આવો ગંજેરી:

હેરી હેરી હેરી...

મનખાનો મહેરામણ: પાર કરો બેડો—
રંગરંગ મેળો.
હેલીનો હલકારો : ભેરુનો ભલકારો,
બે ઘડી બજાર એમાં પચરંગી પલકારો,
કોઈ જીવ રસિયો ને કોઈ જીવ લહેરી:
હેરી હેરી હેરી...

નેણલાંનો નેડો ને દિલમાં બખેડો--
રંગરંગ મેળો.
પંડ પંડ પથરાતી: હીંચ હીંચ હરખાતી,
આખી આ આલમનો ઠાઠમાઠ ઠકરાતી,
સાત રંગ પાદરમાં : સૂનમૂન શેરી—
હેરી હેરી હેરી...

છેલરંગ છોગું: છબીલી રંગ છેડો—
રંગ રંગ મેળો.
પાવો આ ખેરાતી : હલક એની ઝેરાતી,
દૂર દૂર સૂરઘટા ઝીંકાતી-વેરાતી,
એના તે અમરતનો ઘૂંટ ઘૂંટ ઝેરી-
હેરી હેરી હેરી....

રૂદિયાની રંગતને રૂદિયામાં રેડો—
રંગરંગ મેળો.

## 33. વરસાદ ! તારા નામ પર

આજ નથી જાવું બસ કોઈનાય કામ પર -
અલ્યા ધીંગા વરસાદ !
તારા નામ પર !

આજ આખી આલમથી અલગારી છુટ્ટી,
જિંદગીને લાધી ગઈ કંઈક જડીબુટ્ટી,
આજ નથી મહેરબાન થાવું આ ગામ પર.

ચોમાસું આવે ને યાદ આવો તમે,
દિલને ગુલાબી આ ગમગીની ગમે,
જિંદગીના ચોપડામાં જિંદગી છે જમે,
આજ મને આવી છે ઊલટ આરામ પર,

ધુમ્મસિયું આભ અને અજવાળું પાંખું,
સૂરજને ગેબ ગેબ ગોખલામાં નાખું,
સપનું છે ચોખ્ખું પણ જોણું છે ઝાંખું,
આજે હું તરસ્યો છું તીરથના ધામ પર.

રાગ હો મલ્હાર અગર રાગ હોય મારુ,
કેફ હોય મૃગલું, માતંગ કે કાંગારુ,
બંદરના વાવટાને કહો વારુ વારુ,
આજે હું આફરીન અંધા અંજામ પર
આજ નથી જાવું બસ કોઈનાય કામ પર.

## 34. કાચ

બરફને ટુકડે તોડ્યો કાચ,
કાચની વેરણછેરણ વાણી:
બરફનું પાણી...પાણી... પાણી--

અજંપો ખંડિત દેવ-પિશાચ:
બરફને ટુકડે તોડ્યો કાચ—
કાચમાં મૃગજલ ને રણ જોયું,
ડમરીએ ડોયું: હેલીએ ટોયું,
સિંધુ ને સૂર્ય-ચંદ્રથી સોહ્યું--
કિરણનું સ્વપ્ન; કિરણનું સાચ:
બરફને ટુકડે તોડ્યો કાચ.

અજબ આ આરપારની કહાણી,
દિશાઓ દર્પણમાં વહેંચાણી,
તરંગો ગયા બિમ્બને તાણી -
કિનારા ગમશે નહીં કદાચ;
અવાચક મૌન ઉવાચ ઉવાચ,
ઉવાચ...ઉવાચ.

## 35. માણસ

કરવતથી વહેરેલાં
ઝેરણીથી ઝેરેલાં,
કાનસથી છોલેલાં,
તોય અમે લાગણીનાં માણસ.

બોમ બોમ બીડેલાં પંખાળાં સાંબેલાં,
તોપ તોપ ઝીંકેલાં, આગ આગ આંબેલાં,
ધણ ધણ ધુમાડાના
બહેરા ઘોંઘાટ તણી ઘાણીમાં પીલેલાં:
તોય અમે લાગણીનાં માણસ.

ખેતરના ડૂંડાંમાં
લલ લાલ ગંજેરી, શ્યામ શ્યામ સોનેરી,
ભડકે ભરખાયલ છે: દાણા દુણાયલ છે:
ઊગવાના ઓરતામાં વણસેલાં કણસેલાં--
તોય અમે વાવણીનાં માણસ.

ભૂખરાં ને જાંબુડિયાં... દુધિયાં પિરોજાં,
દીઠા ને અણદીઠા દરિયાનાં મોજાં,
માતેલાં મસ્તાનાં ઘૂઘરિયાં સોજાં:
કાંઠેથી મઝધારે, સરગમને સથવારે,
તોય અમે આવણી ને જાવણીનાં માણસ.
ચડતી ને ઊતરતી ભાંજણીનાં માણસ.

## 36. અમારા મનમાં

અમારા મનમાં એવું હતું કે-
તમને ઓરતા થાશે:
-કે નેણલાં ન્હાશે:
વિંઝણલા વાશે:
કે લાગણી ધીમું ધીમું ગાશે
હો રસિયા, અમારા મનમાં.

અમારા મનમાં એવું હતું કે -
આવશે ઘેર હલકારો:
- દિવસનો તારો:
- કે વાતવણઝારો:
ખબરની ખારેકડી દઈ જાશે:
હો રસિયા, અમારા મનમાં.

અમારા મનમાં એવું હતું કે —
ગોઠડી કરશે ચીલા;
- કે રથના ખીલા;
- કે વનની લીલા;
ને પગલાં આઘેથી પરખાશે :
હો રસિયા, અમારા મનમાં.

અમારા મનમાં એવું હતું કે —
ડુંગરિયે પડ્યા પડશે;

- કે સીમમાં ઢળશે;
- કે મેડીએ ચડશે;
કે હીંચકે જાદુઈ ઝોલાં ખાશે
હો રસિયા, અમારા મનમાં.

## 37. કડવા લીમડાનું મધ

કડવા તે લીમડાનું મધ
મારી આંખડીમાં આંજી દે છેલ !
આંખડીના ખટકા છે ખોટા
અભાગણીને માંજી દે છેલ !

લૂમેઝૂમે છે અલ્યા પીળચટ્ટી લીંબોળી,
જોયા કરું છું એને જોબનમાં ઝબકોળી,
થોડી મીઠાશ અને થોડી કડવાશ અલ્યા !
જીવતરનો સ્વાદ હોય એવો:
લીંબોળી લાવ, આજ કરશું ઉજાણી ને,
જમશું ઈ લીલૂડો મેવો.

હરખાશું બેઉ બઘેબધ
- તારી આંખડીમાં
કડવા તે લીમડાનું મધ
- મારી આંખડીમાં.

મારી કને થાય અલ્યા રોજરોજ પટકૂડો,
લાવ આજ લીમડાની શાખેથી મધપૂડો,
બાંધી બુકાની ને ઓઢી લે કામળો કે
ઠેરઠેર કરજે ધુમાડા !
મધમાખી ત્રાટકશે જોજે ‘લ્યા સામટી કે
ડંખ નથી એના રૂપાળા !
સાચવીને મારગમાં વધ
- તારી આંખડીમાં
કડવા તે લીમડાનું મધ
- મારી આંખડીમાં.

## 38. કોઈ

મને કોઈ ચાહે છાનુંમાનું
નથી એ ડાહ્યું અગર દીવાનું.

આ નદીકિનારે નૌકા,
આ વનકોકિલના ટહુકા,
આ સુખમૂર્છાનું શમણું રમતું
ભર્યું ભર્યું મસ્તાનું:
મને કોઈ ચાહે છાનુંમાનું
નથી એ ડાહ્યું અગર દીવાનું.

એ મિલનઘડી ના ઝંખે,
ને વિરહ કદી ના ડંખે,
એ તો બસ ચાહ્યા જ કરે છે
નહિ લોભી, નહિ દાનું:
મને કોઈ ચાહે છાનુંમાનું
નથી એ ડાહ્યું અગર દીવાનું.

કંઈ અણઘડ ઊંચાનીચા
આ ગગને ઘન-ગાલીચા,
એવા ઉરમાં ગહન પ્રીતનું
મૂકીને પસ્તાનું:
મને કોઈ ચાહે છાનુંમાનું
નથી એ ડાહ્યું અગર દીવાનું.

એ ગુંજન થઈને વરસે,
એ પરિમલ થઈને સ્પર્શે,
એ લહર બની ગદ્ ગદ આલિંગે--
કિરણ બને રસ્તાનું:
મને કોઈ ચાહે છાનુંમાનું
નથી એ ડાહ્યું અગર દીવાનું.

## 39. પરસ્પર

સપનાં તમારાં ગોરી
મારી તો નીંદરડી:
ચાંદની તમારી ગોરી,
મારી તો ચીંદરડી.

હૈયું તમારું ગોરી,
મારા છે ઉમંગો,
હરણાં તમારાં ગોરી,
મારી છે છલાંગો.

જીવન તમારું ગોરી,
મારા તો છે દહાડા;
ઊલટ તમારી ગોરી,
મારા છે ઉપાડા.

વહી તમારી ગોરી,
મારા છે સરવાળા,
મારગ તમારો ગોરી,
મારા છે ઉચાળા.

મધડાં તમારાં ગોરી,
મારી તો પડીકી,
કિરણો તમારાં ગોરી,
મારી તો છે કીકી.

## 40. રાતો રંગ

રાતી રાતી પારેવાંની આંખડી
ઝમકારા લાલ, ચ-ટ-ક ચણોઠી રાતીચોળ
અમને રસ્તામાં રંગ લાગ્યો રાતોજી રાતો.

લાલ રતન પૂરવમાં વેર્યાં
સુરખી અદ્ ભુત ઊંડી રે,
આથમણી મનમોજી રંગત
છલકે તાંબાકૂંડી રે, ઝમકારા લાલ !
નયણાં નભને ઝીલે જોડાજોડ :
અમને રસ્તામાં રંગ લાગ્યો રાતોજી રાતો.

અત્તરની ફોરમ મેંદીના
અંતરમાં મતવાલી રે
લીલો રંગ લપાવી બેઠો
લાજશરમની લાલી રે, ઝમકારા લાલ !
મનડું મેંદીનો ઝીણો છોડ:
અમને રસ્તામાં રંગ લાગ્યો રાતોજી રાતો.

દહાડો આખો જીવ જલ્યો ને
રાતી જ્વાલા વેઠી રે,
મનભાંગેલી રાત કસૂંબો
ગટગટ પીને બેઠી રે, ઝમકારા લાલ !
સાચાંખોટાં સોણલાંની સોડ; અમને રસ્તામાં રંગ લાગ્યો રાતોજી રાતો.

## 41. સાંવરિયા

સાંવરિયા, કાહે હોત નઠોર?
ઠાકુર, મેં ઠુમરી હું તેરી, કજરી હું ચિતચોર...
સાંવરિયા, કાહે હોત નઠોર?

સાવનકી બેચૈન બદરિયા
બરસત ભોલીભાલી:
ગોકુલ કી મૈં કોરી ગ્વાલિન
ભીતર આંખ ભિગા લી:
કરજવા મોર: કરજવા તોર--
સાંવરિયા, કાહે હોત નઠોર?

નંદકુંવર, મેં જમુના ભયી ના,
ભયી ના મધુરી બંસી:
દહીં-મક્ખન કી મિઠાસ લે કર
કહાં છિપે યદુવંશી?
ઈત-ઉત ઢૂંઢત નૈન-ચકોર:
સાંવરિયા, કાહે હોત નઠોર?

આપ હી દાવ લગા કર બૈઠી,
જિયરા ભયા જુઆરી:
લગન અગન મૈં લેત હિચકિયાં
ગિરધારી... ! ગિરધારી...!
બિલખતી રતિયા: ભટકત ભોર, સાંવરિયા, કાહે હોત નઠોર?

## 42. રંગહેલી

બાલમ, તારી આંખલડીમાં ઊડે રંગફુવારા,
વ્હાલમ, મારી ચૂંદલડીના તરસ્યા રહે તુનારા:
રંગહેલી ! રંગહેલી !

ક્યાંથી આવે ઝીણા ઝાંઝરિયાંના બોલ?
ક્યાંથી આવે કાલાકાલા કાળજડાના કોલ?
આવે ક્યાંથી રે અણસારા?
લાવે ક્યાંથી રે પલકારા?
રંગહેલી ! રંગહેલી !
મારા મનની વાત મને તો લાગે ગાલાવેલી !
રંગહેલી ! રંગહેલી !

ગયા વિના હું ગઈ વૃન્દાવન, ફૂલ રમે છે ફાગ :
ગોકુલની ગોપીને સરખાં રગ અને વૈરાગ :
આવે ક્યાંથી રે અણસારા?
લાવે ક્યાંથી રે પલકારા?
રંગહેલી ! રંગહેલી !
ઘરની બ્હાર જવાની ઘડીએ મને ડરાવે ડેલી !
રંગહેલી ! રંગહેલી!

આકાશી આલિંગન વચ્ચે રૂપશરદની રાત:
કદમ્બનાં ઝૂલે છે ઝુમ્મર, ઝોલાં લેતી વાત !
આવે ક્યાંથી રે અણસારા ?

લાવે ક્યાંથી રે પલકારા?
જોબન દરિયો...જોબન નૌકા, જોબનિયું છે બેલી !
રંગહેલી ! રંગહેલી !

વન વીંધીને, મન વીંધીને આવે ક્યાંથી સૂર?
કોણ મને પાસે બોલાવે? કોણ ધકેલે દૂર?
આવે ક્યાંથી રે અણસારા?
લાવે ક્યાંથી રે પલકારા?
રંગહેલી ! રંગહેલી !
મારું તો ઘર છોડ્યું, તારી જડતી નથી હવેલી !
રંગહેલી ! રંગહેલી !

## 43. રંગડો

કોણે તે રંગડો રાખ્યો –
માણીગર ! કોણે તે ઢોળી નાખ્યો?

કે રંગડો મેંદીમાં મલકાયો,
કે રંગડો કેસૂડે છલકાયો.
રંગાય તેનાં રૂદિયાં રાજી ને
રાજી તે થાય રંગનારાં,
અરસપરસની મર્માળી આંખમાં

મોજીલં બંદર-બારાં -
માણીગર ! મોજીલાં બંદર-બારાં.
કોની તે પાઘડીએ પીધો
માણીગર ! કોની તે ચૂંદડીએ ચાખ્યો?

કાથો કેવડિયો ને ચૂનો કેસરિયો,
સત-શૂરી સોપારી
પાનનાં બીડાં ઝડપી લેતાં
વિરલાં પુરુષ ને નારી.
તરસ્યાંએ રંગડો રાખ્યો માણીગર
વરસ્યાંએ ઢોળી નાખ્યો:
કે રંગડો મેંદીમાં મલકાયો
કે રંગડો કેસૂડે છલકાયો.

કોઈ રંગે છે તનમન જીવન
કોઈ રંગે છે વાઘા
કાચાપાકાના અધકચરા ઓરતા
રહેતા અભાગિયા આઘા
રાધાએ રંગડો રાખ્યો,
માણીગર ! પિંગલાએ ઢોળી નાખ્યો.

## 44. પી જવાનું હોય છે

જિંદગીની દડમજલ થોડી અધૂરી રાખવી,
ચાલવું સાબિત કદમ, થોડી સબૂરી રાખવી.

જીવવું છે, ઝૂરવું છે, ઝૂઝવું છે જાને મન !
થોડી અદાઓ ફાંકડી, થોડી ફિતૂરી રાખવી.

જોઈ લેવું આપણે, જોનારને પણ છૂટ છે,
આંખને આકાશના જેવી જ ભૂરી રાખવી.

ભાનભૂલી વેદનાઓને વલૂરી નાખવી,
જ્વાલા ભલે ભડકી જતી, દિલમાં ઢબૂરી રાખવી

જામમાં રેડાય તેને પી જવાનું હોય છે,
ઘૂંટડે ને ઘૂંટડે તાસીર તૂરી રાખવી.

કેફીઓના કાફલા વચ્ચે જ જીવી જાણવું,
થોડુંક રહેવું ઘેનમાં, થોડીક ધૂરી રાખવી.

ઝંખનાઓ જાગતી બેઠી રહે છે રાતદિન,
જાગરણની એ સજાને ખુદને પૂરી રાખવી.

એમના દરબારમાં તો છે શિરસ્તો ઔર કંઈ,
ફૂંક સૂરીલી અને બંસી બસૂરી રાખવી.

બાજ થઈને ઘૂમવું અંદાજની ઊંચાઈ પર,
ઈશ્ક ખાતર બુલબુલોની બેકસૂરી રાખવી.

## 45. નોખું નોખું ને એકાકાર

સપનામાં જાગ્યો તેનો લાગ્યો ઉજાગરો ને
આંખોમાં ભીનો ભીનો ભાર રે,
જોગીડા ! આ તે કેવું રે સૂવું ને કેવું જાગવું હોજી !

લોચન બીડ્યાં ને સૃષ્ટિ સો-સો ત્યાં ઊઘડી,
સો-સો સમાધિ લાગી... લાગી અધૂકડી,
જ્યાં રે કાંઠો છે ત્યાં મઝધાર,
રે જોગીડા ! આ તે કેવું પરાયું કેવું આગવું હોજી !

સામે આવે તે પહેલાં સુખડાં મેં પામી લીધાં,
આડે આવે તે પહેલાં દુખડાં મેં વામી દીધાં;
મારો તે લાગે મુંને ભાર :
રે જોગીડા ! આ તે કેવું રે ભોગવવું કેવું ત્યાગવું હોજી !

શ્રાવણની શ્યામલ નભમાં પોતાની પાવકજ્યોતે -
ઘૂમી ઘૂમીને વીજલ ખાતી પછડાટ પોતે -
લપસીને લથડે લાખો વાર:
રે જોગીડા ! આ તે કેવું રે રૂઝાવું કેવું વાગવું હોજી !

પંખો પોતામાં ઊડી પોતામાં ડૂબી રહેતું,
આખું આકાશ એને ચોગમ લપેટી લેતું
ઊંચું ને ઊંડું હારોહાર, નોખું નોખું ને એકાકાર
રે જોગીડા ! આ તે કેવું તરવું ને કેવું તાગવું હોજી !

## 46. સાંજનો શમિયાણો

સમીસાંજના શમિયાણામાં
ધીમો ધીમો ધૂપ જલે છે
તગતગ તારક અંગારા પર
ભભરાવેલો
પ્રીતવિરહનો ધૂપ જલે છે!
સમીસાંજના શમિયાણામાં
ધીમો ધીમો ધૂપ જલે છે!
મંદ મરુત ને ધૂમ્રસેર નિજ અંગ મરોડે...
આશાભંગ બની અટવાતી ઊંચે દોડે-
સુગંધ એની સર્યા કરે છે સોડે સોડે :
વહાલાં જેને જાય વછોડી
તે હૈયું ગુપચુપ જલે છે:
સમીસાંજના શમિયાણામાં...

તેજ-તિમિરની આછી આછી રંગબિછાતે,
મોતી વચકી જાય નયનથી વાતે વાતે—
ધબકારાના પડે હથોડા દિવસે-રાતે :
યૌવનનું ઉપવન છે સૂનું,
ને કામણના રૂપ જલે છે !
સમીસાંજના શમિયાણામાં...

ઊની ઊની આવનજાવન કરે નિસાસા,
સપનાંઓનાં કંઠ રહ્યા છે પ્યાસા પ્યાસા:

દિલને ગમતા નથી હવે તો કોઈ દિલાસા :
ઘેરી ઘેરી હસે ઉદાસી,
લીલું લીલું રૂપ જલે છે :
સમીસાંજના શમિયાણામાં....

## અક્ષરનાદ ઈ-પુસ્તક વિભાગ

અક્ષરનાદ.કોમ

ઈ-પુસ્તક ડાઉનલોડ વિભાગ

અનેક ઈ-પુસ્તકો, એક ક્લિકે ડાઉનલોડ